દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શુક્રવાર ૬ માર્ચ, ૨૦૨૬

# ભારત-કેનેડાના સંબંધોમાં નવા અધ્યાયની આશા

છેલ્લા કેટલાક સમયથી જેમના વચ્ચે કંઇક શત્રુતાનો માહોલ હતો તે ભારત અને કેનેડાના સંબંધોમાં સુધારો આવવાની સાથે હવે એક નવો અધ્યાય શરૂ થવાની આશા જાગી છે જ્યારે બંને દેશો વચ્ચે કેટલાક મહત્વના કરાર થયા છે અને બંને દેશો પરસ્પરનો વેપાર વધારવા અને એક મુક્ત વેપાર કરાર કરવા સંમત થયા છે. ભારત અને કેનેડાએ સોમવારે યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજોના પુરવઠા માટેના મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા છે અને ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતની મુલાકાતે આવેલા તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારને 50 અબજ યુએસ ડોલર સુધી લઈ જવા સહિત સંબંધોને મજબૂત કરવા માટે એક નવું માળખું તૈયાર કર્યું છે. વર્તમાનમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારનું કદ આશરે 13 અબજ ડોલર છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે દિલ્હીમાં સોમવારે એક વ્યાપક સ્તરની મંત્રણા યોજાઇ હતી. ગયા વર્ષના આ જ સમયગાળામાં આ બંને દેશો વચ્ચે આ પ્રકારની મંત્રણા યોજાય તે લગભગ અશક્ય જેવું લાગતું હતું પણ પછી સંબંધોમાં નોંધપાત્ર સુધારો આવ્યો. બંને નેતાઓએ સંરક્ષણ, અગત્યની ટેકનોલોજી, નાના અને મોડ્યુલર પરમાણુ રિએક્ટર, શિક્ષણ અને પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આપણા માટે મહત્વની વાત એ છે કે કેનેડા 2.6 અબજ ડોલરના યુરેનિયમ સપ્લાય કરાર હેઠળ ભારતના સિવિલ ન્યુક્લિયર એનર્જી સેક્ટરને ટેકો આપવા માટે તૈયાર છે. મંત્રણામાં બંને પક્ષો સંમત થયા છે કે આતંકવાદ, કટ્ટરવાદ અને ઉગ્રવાદ એ માત્ર ભારત અને કેનેડા માટે જ નહીં પરંતુ સમગ્ર માનવતા માટે સામાન્ય અને ગંભીર પડકારો છે. તેમણે કહ્યું, વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે આની સામે આપણો ગાઢ સહયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. મોદી અને કાર્નીએ પશ્ચિમ એશિયાની નાજુક સુરક્ષા સ્થિતિ પર પણ ચર્ચા કરી હતી, જેમાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા તમામ સંઘર્ષોના ઉકેલને સમર્થન આપે છે. બંને દેશોએ આજે ભારત સરકાર અને સાસ્કાટૂન સ્થિત કેમેકો વચ્ચે 2.6 અબજ ડોલરનો કરાર કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ભારતને 2027 થી 2035 દરમિયાન પરમાણુ ઉર્જા ઉત્પાદન માટે આશરે 2.2 કરોડ પાઉન્ડ (૯૯૭૯૦૦૦ કિલોગ્રામથી વધુ) યુરેનિયમ સપ્લાય કરવામાં આવશે. આ યુરેનિયમ ભારતના અણુ વિજળી મથકો માટે વાપરવામાં આવશે. ભારતે પોતાની વિશાળ વસ્તીને વિજળી પુરી પાડવા અનેક અણુ વિદ્યુત મથકો શરૂ કર્યા છે અને આ મથકોમાં ઈંધણ તરીકે યુરેનિયમની જરૂર રહે છે. યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજો પરના કરારો ઉપરાંત, ભારત અને કેનેડાએ અન્ય છ



સમજૂતી પત્રો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ભારત-કેનેડા વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) માટેની સંદર્ભ શરતો પરના એમઓયુનો પણ સમાવેશ થાય છે.

મોદી-કાર્ની વાટાઘાટોનું મહત્વનું પરિણામ વ્યાપારી સંબંધોને વિસ્તારવાનો તેમનો નિર્ણય હતો, જે પગલું ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કેનેડાના વધતા જતા ખરાબ આર્થિક સંબંધો વચ્ચે આવ્યું છે. સંબંધોને મજબૂત બનાવવાની આ નવી હિલચાલ 2023માં ખાલિસ્તાની અલગતાવાદીની હત્યા અંગેના રાજદ્વારી વિવાદ પછી ગંભીર તણાવમાં આવેલા સંબંધોને ફરીથી સ્થાપિત કરવાના બંને પક્ષોના ચાલુ પ્રયાસોના ભાગરૂપે આવી છે. સંરક્ષણ ઉદ્યોગો, મેરીટાઇમ ડોમેન અવેરનેસ અને સૈન્ય આદાનપ્રદાન વધારવા માટે કામ કરવા પણ બંને દેશો તૈયાર થયા હોવાનું જાણવા મળે છે. પોતાના સંબોધનમાં કાર્નીએ વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી શરૂ કરવાની વાત કરી હતી, જેમાં સ્વચ્છ ઉર્જા, ઇલેક્ટ્રિક વાહનો અને અદ્યતન ઉત્પાદન માટે સુરક્ષિત સપ્લાય ચેઈનનો સમાવેશ થાય છે. કાર્નીએ યુરેનિયમ સપ્લાય કરારને સ્વચ્છ અને વિશ્વસનીય ઉર્જા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. કેનેડા તેના મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી સામગ્રીના નોંધપાત્ર ભંડાર માટે જાણીતું છે. ઉર્જા ક્ષેત્રમાં, બંને દેશો 'નેક્સ્ટ જનરેશન પાર્ટનરશિપ' બનાવી રહ્યા છે, જે હાઇડ્રોકાર્બન તેમજ રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન અને એનર્જી સ્ટોરેજ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આજે વિશ્વના દેશો એકબીજા પર આધારિત બની ગયા છે અને બધાને પોત પોતાની વસ્તુઓ વેચવી પણ છે તેવા સંજોગોમાં પરસ્પર સહકાર કરવો અને વેપાર કરારો કરવા આવશ્યક રહે છે. AI, હેલ્થકેર અને કૃષિમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી રહી છે અને કેનેડિયન યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલવા માટે સંમત થઈ છે, આનાથી પણ ભારતને લાભ થવાની આશા રાખી શકાય. બિનવહેવારુ અને કંઇક રંગીલા એવા જસ્ટિન ટ્રુડોએ રાજીનામુ આપ્યું અને માર્ક કાર્ની કેનેડાના નવા વડાપ્રધાન બન્યા પછી બંને દેશોના સંબંધો સુધરવા માંડ્યા અને હવે તે નવી ઉંચાઇએ જવાની આશા રાખવામાં આવે છે.

## અહંકાર દૂર કરવાની રીત

એક મહાપરાક્રમી જ્ઞાની સમ્રાટ હતો. તે નિયમિત રીતે પોતાના ગુરુ પાસે માર્ગદર્શન માટે અને સત્સંગ માટે જતો. ગુરુ રાજાને સદાચારથી જીવન જીવવાનો, અહંકારથી દૂર રહેવાનો ઉપદેશ આપતાં પ્રજાજનની સેવા સહાય કરવા માટે સમજાવતા અને સતત પ્રેરણા આપતા. રાજા આમ તો સદાચારી હતો, પરંતુ રાજા હોવાનો અને સંપત્તિવાન હોવાનો અને ઉપરાંત જ્ઞાની હોવાનો છૂપો અહંકાર તો તેના મનમાંથી ગયો જ ન હતો. રાજા ઘણીવાર અહંકારને કારણે રાજા રાજ્યના અન્ય વિદ્વાનોનું અપમાન કરી નાખતો.



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

કલાકારોનું પણ સન્માન ન જાળવતો. રાજાના ગુરુના કાને આ વાત આવી, ગુરુ જાણતા હતા આમ તો રાજા જ્ઞાની, સદાચારી છે, વિવેકી પણ છે પરંતુ મનનો આ છૂપો અહંકાર ક્યારેક આવું વર્તન કરાવે છે. આ અહંકારને દૂર કરવો બહુ જરૂરી છે. એક દિવસ રાજા ગુરુ પાસે સત્સંગ માટે આવ્યો તેને ગુરુજીને પ્રણામ કરી કહ્યું, 'મહારાજ, મારા મનને પૂર્ણ શાંતિ મળતી નથી, કંઈ પણ કરું, ક્યાંક એવી કમી છે જે મને અજંપામાં રાખે છે... પરેશાન કરે છે'... ગુરુ જાણતા હતા કે મૂળ અહંકારને કારણે કરેલા ખરાબ વર્તનને લીધે રાજાનું મન અશાંત રહે છે. તેમણે કહ્યું, 'જો તું મારી વાતનું સંપૂર્ણ પાલન કરીશ તો હું તને મનની શાંતિ મળે તેનો ઉપાય બતાવીશ.' રાજાએ વચન આપ્યું પછી ગુરુજીએ કહ્યું, 'આવતીકાલથી નગરમાં સાત દિવસ સુધી તું નગરશેઠ, વિદ્વાન, શ્રેષ્ઠી, જ્ઞાની, સાહિત્યકાર, કલાકાર, કવિ, ચિત્રકાર લઈને ખેડૂતો અને શુદ્રો સુધી બધાના ઘરે જઈને ભિક્ષા માંગીને જે મળે તે ખાજે,' રાજા વાત સાંભળી અવાચક થઈ ગયો, તેણે ધીમેથી ગુરુજીને કહ્યું, 'ગુરુજી બીજો ઉપાય નથી હું રાજા છું. હું બધાને હંમેશા આપું છું. તેમની સામે હાથ ફેલાવીને ભિક્ષા માંગવી મારા માટે બહુ કઠિન થશે.' ગુરુજીએ કહ્યું, 'રાજન, ઉપાય હંમેશા કઠિન જ હોય છે. તારો છુપો દુશ્મન છે તારા મનના ખૂણામાં છુપાયેલો અહંકાર... આ દુર્ગુણ આ ઉપાય કરવાથી જ દૂર થશે.' રાજાએ ગુરુજીની આજ્ઞા પ્રમાણે નગરમાં ઘર ઘર જઈને ભિક્ષા માંગી તેના મનમાં છુપાયેલો અહંકાર નષ્ટ થઈ ગયો અને ધીમે ધીમે તેને શાંતિની અનુભૂતિ થવા લાગી.

# ગુજરાતમાં માત્ર મનોરંજન પાર્ક અને બ્યુટીફિકેશન પાછળ જ ખર્ચ આયોજન કેમ થાય છે?

### રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**ગામડાના પ્રવેશદ્વાર તો ગામના કોઈ દાતાએ પોતાની યાદમાં બનાવડાવ્યા હતા, પણ હવે સરકારી અધિકારીઓ નવો પ્લાન લાવ્યા છે. સરકારના ખર્ચે એટલે કે પ્રજાના રૂપિયાથી રાજ્યના શહેરોમાં પ્રવેશદ્વાર બનાવવાના. ભાઈ શા માટે? આની શું જરૂર?**

તમે કદી મેળામાં ગયા છો? એમ્યુઝમેન્ટ પાર્કમાં ગયા છો? ત્યાં ચકડોળ હોય છે. ટ્રેન હોય છે. જાત જાતની રાઇડ્સ હોય છે જેમાં બેસીને બાળકો અને મોટો આનંદ લેતા હોય છે, થોડા હળવા થતા હોય છે. ભાગદોડ ભરી જીંદગીમાં આવી હળવાશની પળો હોવી જોઈએ. આ પાર્ક કે આનંદ મેળામાં જે રાઇડ્સ હોય છે ટ્રેન હોય છે તે ક્યારેક આનંદ માટે છે અને તેમાં બેસનારને ખબર છે કે આ ટ્રેન અપડાઉનમાં કામ લાગવાની નથી. ત્યાં પ્લેન પણ હોય છે, બોટ પણ હોય છે, પણ દુનિયાનો કોઈ અર્થશાસ્ત્રી તેને ઈન્ફ્રાસ્ટ્રક્ચારનો ભાગ ગણાતો નથી. અર્થશાસ્ત્રી જ શા માટે, કોઈ સામાન્ય માણસ પણ એને ક્ષણિક મનોરજનથી વિશેષ ગણાતો નથી. હવે તો નાના ગામડામાં પણ આવા મેળાઓમાં ગાડી, બોટ, વિમાન, ચકડોળ વગેરે તત્કાલ ઊભા કરવામાં આવે છે અને ગામલોકો પણ તેનો આનંદ માણે છે, પણ એથી કરીને તેઓ હરખાતા નથી કે આપડા ગામમાં ટ્રેન આવી વિમાન આવ્યા ..... આટલી સાદી સમજ તો તેમને પણ છે તો પછી શું દેશના અર્થશાસ્ત્રીઓ આટલી સાદી સમજ પણ ગુમાવી ચુક્યા છે? શું તેઓ ભૂલી ગયા છે કે આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે કોઈ એકલ-દોકલ ઘટના માત્રથી તે લક્ષ સિદ્ધ થતા નથી.

એમ્યુઝમેન્ટ પાર્ક આખા અર્થતંત્રનો એક નાનો હિસ્સો હોય પણ આખું અર્થતંત્ર જ એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવામાં આવે ત્યારે પ્રજા અને નિસ્બત ધરાવતા લોકોએ ચિંતા કરવી જોઈએ. ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી સરકારી ખર્ચે માત્ર મનોરંજન માટેના પાર્ક બનવા લાગ્યા છે. બિન ઉત્પાદક બાંધકામો થવા લાગ્યા છે. જેનો આવક અને રોજગારીમાં કોઈ ફાળો હોતો નથી. હા તમામ બિન ઉત્પાદક મુડીરોકાનો જ્યારે થાય ત્યારે તે તત્કાલ રોજગારી આપે છે પણ તે કાયમી રોજગારીનું સર્જન નથી કરતા અને માટે તે આવક પ્રવાહ નથી સર્જતા. જેમકે થોડા વર્ષો પહેલા ગુજરાતના દરેક ગામડા બહાર પ્રવેશના માર્ગ પર દરવાજા બંધાવાનું શરુ થયું. ગામના એ જ કોઈ દાતા પાસેથી રૂપિયા લઈ તેના નામ સાથે પ્રવેશદ્વાર બનાવ્યા. હવે આ પ્રવેશદ્વાર ઊભા છે. બસ. એ બંધાયા ત્યારે ખર્ચ થયો અને બંધાનારા મજૂરોને રોજગારી મળી, પણ હવે આ પ્રવેર્શદ્વાર ના કોઈને છાયો આપે છે, ના રોજગારી. કડવી પણ આ સાચી વાત છે આ જ ખર્ચમાં જો ગામમાં સરકારી શાળામાં ઓરડા બાંધવામાં આવ્યા હોત તો બાળકો આજે તેમાં ભણતા હોત. તાપ વરસાદમાં તે કોઈનું છાપરું હોત! ગામડાના પ્રવેશદ્વાર તો ગામના કોઈ દાતાએ પોતાની યાદમાં બનાવડાવ્યા હતા, પણ હવે સરકારી અધિકારીઓ નવો પ્લાન લાવ્યા છે. સરકારના ખર્ચે એટલે કે પ્રજાના રૂપિયાથી રાજ્યના શહેરોમાં પ્રવેશદ્વાર બનાવવાના. ભાઈ શા માટે? આની શું જરૂર? માત્ર કોન્ટ્રાક્ટ આપવા બાંધકામના બજેટ ફાળવવા માટે જ. ગુજરાતમાં જ્યારે હોય ત્યારે સ્પોર્ટ કોમ્પ્લેક્ષ. એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુજીયમના બજેટ ફાળવવાની જ જાહેરાતો થાય છે. ક્યારેય શાળાઓ, દવાખના, સિંચાઈ જેવા મૂળભૂત રોકાણો માટે જાહેરાત થતી નથી. બીજું કડવું સત્ય એ છે કે બાંધકામ માટે નાણા ફાળવાય છે, પણ એ બાંધકામ પત્યા પછી તે સંસ્થા ચલાવવા માટે રોજગારી માટે નાણા ખર્ચતા નથી. ઈવન નાણા ખર્ચાઈ જાય પછી એ સંસ્થાએ વસ્તુનું શું થયું તે સરકાર પૂછતી નથી, તેનું વાસ્તવિક ઓડીટ થતું નથી. જેમ કે વર્ષો પહેલા ગુજરતમાં કોલેજોમાં લેન્ગવેજ લેબ ચાલુ કરી અને તે માટે કોમ્પ્યુટર ફાળવાયા. પ્રાથમિક શાળાઓમાં પણ કોમ્પ્યુટર ફાળવાયા પણ હવે તે શું ઉપયોગમાં આવે છે તે કોઈને યાદ પણ નથી. અત્યારે દરેક સ્કૂલને સ્માર્ટ ટીવી આપાય છે, આવનારા વર્ષોમાં તેનું મેન્ટેનેસ પણ થવાનું નથી. હોસ્પિટલ બાંધવાનો ખર્ચ થાય પણ તેમાં ડૉક્ટર-નર્સની નિમણુક ના થાય તો? હાઉસિંગના મકાન બંધાય પણ તે ફળવાય જ નહીં. ચૂંટણી વખતે બહુ ગાજેલી સ્માર્ટ સ્કૂલોનું શું થયું? કોઈ અર્થશાસ્ત્રના જાણકારને પૂછો કે સીપ્લેન ઉડાડવું, નદીમાં ક્રુઝ બોટ, હોટલ ચલાવવી તે સરકારના કામ છે? માત્ર બે શહેર વચ્ચે દોડતી બુલેટ ટ્રેન કડી આંતરમૂડી માળખું ગણાય નહીં. સરકાર રસ્તા બાંધે તે યોગ્ય છે, પણ રસ્તાના બ્યુટીફિકેશન માટે ખર્ચ કરે તે પ્રજાના નાણા કોન્ટ્રાક્ટરના ખિસ્સામાં નાખવાની યોજના માત્ર છે. ગુજરાતમાં હવે પ્રજાએ નહીં. નેતાઓએ જાગવાની જરૂર છે. આ અધિકારીઓ તેમને કોઈક અલગ જ રસ્તો બતાવી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ફરી એક યુદ્ધ અને ફરી સ્ત્રીઓને સદીઓ પાછળ ધકેલવાની શક્યતાઓ.....

### કહેવાની વાત

નેહા શાહ

**યુદ્ધના નામે મહિલાઓ પરના અત્યાચાર તો થાય જ છે - એ ઉપરાંત યુદ્ધને કારણે આર્થિક માળખું બદલાય છે જેની મહિલાઓ પર લાંબાગાળાની અસર પડે છે. રોજગારની અછત ઊભી થતાં પહેલી તરાપ મહિલાઓની આજીવિકા પર વાગે છે**

અમેરિકા-ઈઝરાઈલનાં સૈન્ય બળે ઈરાન પર યુદ્ધ શરુ કર્યું અને એમાં પહેલો ભોગ લેવાયો કન્યા શાળાનો. ૧૬૫ લોકોની જાનહાની થઇ જેમાં મુખ્યત્વે વિદ્યાર્થીનીઓ હતી. જાણીને નવાઈ લાગશે કે જે દેશમાં પાંચ દાયકાથી પણ વધુ ઈસ્લામિક શાસન રહ્યું એવા ઈરાનમાં સ્ત્રી શિક્ષણ લગભગ નેવું ટકાની ઉપર પહોંચી ગયું છે અને યુવાન મહિલાઓમાં લગભગ સો ટકા, તે પણ રાજ્યના પ્રયત્નોને કારણે! મહિલાઓ પરની અનેક પાબંદી છતાં સૌને શિક્ષણ મળે એ પ્રત્યે સરકાર પ્રતિબદ્ધ રહી છે. ઈરાનની યુનિવર્સિટીમાં પણ છોકરીઓનું પ્રમાણ પચાસ ટકા જેટલું છે. રીસર્ચ કરીને પીએચ. ડી. કરનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘણા વિકસિત દેશો કરતાં પણ વધારે છે.

૨૦૨૨માં મ્હાસા અમીનીના મૃત્યુ પછી હજારોની સંખ્યામાં ઈરાની મહિલાઓ એ રસ્તા પર આવીને ફરજીયાત હિજાબ પહેરવાના નિયમનો વિરોધ કર્યો, ચોરાહા પર ઊભા રહીને હિજાબ ખોલ્યા, વાળ કાપ્યા અને સ્ત્રીઓ પર પ્રતિબંધ લાદતી સરકારને પડકારી - શિક્ષણને કારણે ઊભી થયેલી આકાંક્ષાએ અન્યાયની સામે ઊભા રહેવાની આ હિંમત ઊભી કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં પ્રગતિશીલ પુરુષોએ પણ ટેકો કર્યો.

યુદ્ધ આ પરિસ્થિતિને બદલી નાખશે. યુદ્ધથી થયેલો સંહાર એક ઝાટકે દેશ અને સમાજને સો વર્ષ પાછળ ધકેલી શકે છે. જ્યારે પણ યુદ્ધ થાય છે એનો માપ બહારનો બોજો મહિલાઓના માથે આવે છે. યુદ્ધના નામે મહિલાઓ પરના અત્યાચાર તો થાય જ છે - એ ઉપરાંત યુદ્ધને કારણે આર્થિક માળખું બદલાય છે જેની મહિલાઓ પર લાંબાગાળાની અસર પડે છે. રોજગારની અછત ઊભી થતાં પહેલી તરાપ મહિલાઓની આજીવિકા પર વાગે છે. હોસ્પિટલ, શાળા, પીવાના પાણીની વ્યવસ્થા જેવી જાહેર માળખાગત સુવિધાઓ તૂટી પડવાને કારણે અવેતન સંભાળના બોજ મહિલાઓના ખભા પર પડે છે. કુટુંબની આવક ઓછી થતાં દિકરા અને દિકરીના શિક્ષણ પાછળ થતાં ખર્ચમાં માતા પિતા ભેદભાવ કરવા લાગે છે. વળી, સલામતીના કારણોસર પણ છોકરીઓનું બહાર નીકળવા પર નિયંત્રણ આવે. લગ્નની ઉંમર પણ ઘટવા લાગે. યુદ્ધમાં ઈજા પામેલા કુટુંબીજનોની સંભાળ રાખવાની જવાબદારી ઘરની સ્ત્રીઓના માથે જ તો હોય, જેના બોજ હેઠળ સ્ત્રીઓનું શિક્ષણનું મહત્ત્વ બચતું જ નથી! આમાંની કોઈ પણ પરિસ્થિતિ કાલ્પનિક નથી. ઈરાક જે એક સમયે મહિલા શિક્ષણમાં આરબ દેશોમાં આગળ ગણાતો દેશ, ૧૯૯૦ના યુદ્ધ પછી આ બધી સમસ્યાઓનો સામનો કરી ચુક્યું છે અને યુદ્ધના ત્રણ દાયકા પછી પણ સ્ત્રી શિક્ષણ માટે બેઠું થઈ શક્યું નથી. આજે આઈ.એસ.આઈ.એસ. જેવી ધાર્મિક કટ્ટરવાદી તાકાતે સ્ત્રીઓના શિક્ષણ પર નિયંત્રણ કડક કર્યા છે, પણ એક સમયનો પ્રગતિશીલ દેશ આ સુધી કઈ રીતે પહોંચ્યો એના મૂળમાં પણ જવું પડશે. મિસાઈલ દ્વારા આવેલુ શાસન પરિવર્તન ત્યાંના સમાજને સદીઓ પાછળ ધકેલી દે છે. ઈરાક અને અફઘાનિસ્તાન જેવા ઉદાહરણ આપણી સામે છે જ્યાં લશ્કરી તાકાતથી સત્તા પરિવર્તન કરવાના પ્રયત્નોને કારણે કટ્ટરવાદી વધુ મજબૂત થયા હોય. બાહ્ય હુમલાઓ રાષ્ટ્રવાદને ઉત્તેજન આપે છે જેનાથી કટ્ટરવાદને વધુ બળ મળે છે. હમાસ, હેઝબુલ્લા, આઈ.એસ. આઈ.એસ કે પછી બિન લાદેનની કુખ્યાત અલ કાઈદા જેવા ધાર્મિક કટ્ટરવાદમાં માનતા સંગઠનો પશ્ચિમી દેશોના વર્ચસ્વ અને એમની દાદાગીરીના વિરોધમાં ઊભા થયા છે. એમણે એમનો ઉપાય હિંસામાં શોધ્યો એટલે આતંકવાદી ગણાયા. ડોનાલ્ડ ટ્રમ્પ ભલે કહેતા હોય કે તેઓ લોકોને સત્તા આપવા માંગે છે પણ મધ્ય-પૂર્વનો મોટો દેશ, જેની પાસે ખનીજ તેલ છે, હોર્મુઝની સામુદ્રધુની સાથે જોડાયેલું છે જ્યાંથી વિશ્વની ખનીજ તેલની મોટી અવર-જવર થાય છે, જેની પાસેથી ચીન જેવો દેશ પોતાની જરૂરિયાતનું આશરે ૧૪ ટકા તેલ ખરીદે છે - એટલે ઈરાન પર કબજો રાખવો એ વ્યુહાત્મક રીતે અમેરિકા માટે ઘણું મહત્વનું છે. ઈરાની લોકોના હિતમાં અમેરિકા પોતાની સત્તા સહેલાઈથી છોડશે એવું તો કોઈ મૂર્ખ પણ ના માને.

જો ધાર્મિક કટ્ટરવાદ ધાર્મિક નેતાઓના હાથમાં સત્તા કેન્દ્રિત કરે છે, તો અમેરિકા-ઈઝરાઈલ જેવા મુડીવાદી દેશો રાજકીય અને આર્થિક ઉચ્ચ વર્ગના હાથમાં સત્તા કેન્દ્રિત કરે છે. જો, ધાર્મિક નેતૃત્વ નૈતિક શુદ્ધતાના નામે લિંગ સમાનતા, બહુમતીવાદ અને બિનસાંપ્રદાયિક સ્વતંત્રતાઓને નકારી કાઢે છે, તો સામ્રાજ્યવાદી તાકાત નૈતિક જવાબદારીનો અંચળો ઓઢીને લશ્કરી હસ્તક્ષેપ કરી શાસન પરિવર્તનને યોગ્ય ઠેરવે છે - એમાં પણ જેની પર આક્રમણ થયું છે તે દેશની સ્વતંત્રતા તો જોખમાય જ છે. બંને પ્રકારના શાસનમાં સામાન્ય લોકો, ખાસ કરીને સ્ત્રીઓ તો હાંસિયામાં જ ધકેલાઈ જાય છે.

૨૦૨૩ થી ૨૦૨૫ દરમ્યાન ઈરાનમાં અવાર નવાર થયેલા વિરોધ પ્રદર્શનોને કારણે અલી ખામેનીની સત્તા ઉથલાવાઈ હોત તો એ ઈતિહાસનાં પાના પર લખાયેલું એક સોનેરી પાનું હોત. પરિવર્તનની દિશામાં જન આંદોલનની જીત હોત. કટ્ટરવાદી સત્તા સામે ગમે તેટલો વિરોધ હોય પણ, અમેરિકા-ઈઝરાઈલના લશ્કરી આક્રમણમાં ખામેનીનું મૃત્યુ થવું બિલકુલ ઈચ્છનીય નથી. ઈરાનના લોકો માટે તો બકરું કાઢતા ઊંટને પેંસાડવા જેવો ઘાટ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### પીકલ જ્યુસ શું છે?

ડ્રીંકનો એક સીપ લેતા જ વિરાટ કોહલીના ચહેરા ઉપર એક્સપ્રેશન બદલાઈ ગયા. કોઈએ આ ડ્રિંકને કડવી દવા કે એલર્જી ડ્રીંક ગણાવ્યો. ખબર પડી કે પીકલ જ્યુસ હતો. આ પીકલ જ્યુસ શું છે? પીકલ જ્યુસમાં સોડિયમ અને વિનેગરનું ઊંચું પ્રમાણ હોય છે. નર્વસ સિસ્ટમ ક્રેમ્પ્સ એટલે કે સ્નાયુનું ખેંચાણ તરત રોકે છે. પિકલ જ્યુસમાં આવેલું સોડિયમ શરીરમાં પાણી જાળવી રાખવામાં મદદ કરે છે. જેથી પરસેવાથી થતી ડીહાઈડ્રેશન સમસ્યા ઓછી થાય છે. દોડધામ કે ગરમીમાં શરીરમાં ઈલેક્ટ્રોલાઈટની કમી થાય છે. જેમાં સંતુલન ફરીથી જાળવવા મદદ કરે છે તેમાં રહેલા એપલ સાઈડર વિનેગર પાચન એંઝાઈમને સક્રિય કરે છે. જો જરૂર પડે ત્યારે જ પીવું હિતકારક છે. જો બ્લડપ્રેશરની સમસ્યા હોય તેણે આ જ્યુસ ન લેવું. કિડની નબળી હોય જે લોકોને વારંવાર એસિડિટી થતી હોય,પેટમાં બળતરા, કેન્સર હોય તેણે ન લેવું. વધારે પીવાથી પગમાં સોજા, શરીરમાં કેલ્શિયમનું સંતુલન બગડે છે. નાનાં બાળકો, વડીલો, પ્રેગનન્ટ મહિલાઓએ આ જ્યુસ ના પીવું. હાડકાંના સ્વાસ્થ્ય માટે સારું નથી.

સુરત - યોગેન્દ્ર પટેલ

### શું સ્વચ્છતા જાળવવી ફક્ત તંત્રની જ ફરજ છે?

સુરત શહેરના નાગરિકોની ઘણીવાર જવાબદાર તંત્ર સામે અપેક્ષા અને ફરિયાદો હોય છે. મહદઅંશે સાચી પણ હોય. પરંતુ ક્યારેય સુરતની પ્રજાને આત્મનિરિક્ષણ કર્યું ખરું કે સ્વચ્છતા ક્ષેત્રે અમે શું યોગદાન આપ્યું. આપણા શહેરના લગભગ બધા જ બ્રીજ પાનની પીચકારીથી રંગાઈ ગયેલા દૃશ્યમાન થાય છે. તંત્ર રંગનો કૂચડો ફરવ્યા કરે અને પ્રજા એના પર જ માવા-પાનની પીચકારી મારી એને દૂષિત કર્યા કરે. આ કેટલે અંશે યોગ્ય કહેવાય. સફાઇ કર્મચારી સફાઇ કર્યા કરે અને પ્રજા ગમે ત્યાં કચરો ઠાલવ્યા કરે. જાહેર શૌચાલયો હોવા છતાં અણસમજુ નાગરિકો દિવાલ પર ગંદકી ફેલાવે! કેટલું શરમજનક કૃત્ય કહેવાય. આપણી પ્રજા વિદેશ જતી હશે ત્યાં આવી ગંદકી કરી શકે ખરી? તરત જ ત્યાં અણસમજુ નાગરિકો દિવાલ પર ગંદકી ફેલાવ! કેટલું શરમજનક કૃત્ય કહેવાય. આપણી પ્રજા વિદેશ જતી હશે ત્યાં આવી ગંદકી કરી શકે ખરી? તરત જ ત્યાં દંડનીય કાર્યવાહી થઇ શકે. ત્યાંની પ્રજા જ સ્વયંના દેશની સ્વચ્છતા માટે સતર્ક છે. સ્વયંભૂ સ્વચ્છતા રાખે છે. અહીં કોઇ કોઇને રોકનાર નથી. કદાચ પ્રજાએ માનસિકતાથી વિચારતી હશે કે કરવેરા ભરીને છીએ તો તંત્રની જવાબદારી છે. સ્વચ્છતા જાળવવાની પ્રજાની ફરજ જ નથી. ઘણા પ્રજાજનો વાહવ્યવહાર, સ્વચ્છતા, ગંદકી ફેલાવવી, જાહેર મિલકતને નુકસાન પહોંચાડવું શિસ્ત ન જાળવવું વિ. બાબતોમાં માહિર હોય છે. એક ઉત્તમ નાગરિક તરીકે શહેરને સ્વચ્છ રાખવામાં યોગદાન અર્પણ કરવું તમામ પ્રજજનોની ફરજ છે.

સુરત - નેહા શાહ

### સરકારી પોપટ એટલે સીબીઆઈ

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ ભારતની અગ્રણી ચુનંદા તપાસ પોલીસ એજન્સી છે, જે મુખ્યત્વે ગંભીર ગુનાઓ, ઉચ્ચ-સ્તરીય ભ્રષ્ટાચાર, આંતર-રાજ્ય ગુનાઓ અને રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પરિણામો ધરાવતા કેસોની તપાસ માટે જવાબદાર છે. સને ૧૯૬૩ માં સ્થાપિત અને કર્મચારી મંત્રાલય હેઠળ કાર્યરત, તે લાંચ, હત્યા અને આર્થિક ગુનાઓ જેવા કેસોનું સંચાલન કરે છે!ખેર, "સીબીઆઈ પોપટ" એ સને ૨૦૧૩ માં કોલસા કૌભાંડની સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા દ્વારા સીબીઆઈ માટે વપરાયેલો શબ્દપ્રયોગ છે, જેનો અર્થ સત્તાધારી પક્ષના ઈશારે ચાલતી "પાંજરામાં કેદ પોપટ" જેવી સ્વાયત્તતા વિનાની સંસ્થા એવો થાય છે,આ ટિપ્પણી તપાસ સંસ્થાની સ્વતંત્રતા પર ગંભીર સવાલો ઉઠાવે છે! મુખ્ય વિગતોનાં સંદર્ભે સને ૨૦૧૩ માં કોલસા કૌભાંડની તપાસમાં સીબીઆઈ પર રાજકીય દબાણ હોવાનું સામે આવ્યું હતું.ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સીબીઆઇ પોતાના માલિક (સરકાર) ની ભાષા બોલે છે અને તેમના કહ્યા મુજબ વર્તે છે, તેની અસરમાં ટિપ્પણીનો હેતુ સીબીઆઇ ને રાજકીય દબાણમાંથી મુક્ત કરી તેને એક સ્વતંત્ર તપાસ સંસ્થા બનાવવાનો હતો! આમ, આ શબ્દપ્રયોગ ભારતીય રાજનીતિમાં તપાસ સંસ્થાઓની વિશ્વસનીયતા અને સ્વતંત્રતા પરની ચર્ચામાં વારંવાર ચર્ચાતો રહે છે!એ વાસ્તે પણ સરકાર પાંજરાના પોપટ સીબીઆઇને મુક્ત કરે તે સારુ દેશની કેન્દ્રીય તપાસ સંસ્થાને સ્વાયત્તતા આપવા મદ્રાસ હાઈકોર્ટનો આદેશ હતો કે, કેન્દ્ર સરકાર સીબીઆઇને ચૂંટણી પંચની જેમ બંધારણે આપેલા અધિકારો મુજબ કામ કરવા દે, અલગ કાયદો બનાવે એમ મદ્રાસ હાઈકોર્ટે કહેલ તેમજ સરકારી પોપટ એટલે સીબીઆઇ..! તપાસ કરનારા સીબીઆઇ અધિકારી નોકરીમાં રહેવાને લાયક જ નથી, પુરાવા તરીકે રજૂ કરવા એક ફકરો પણ નથી એમ સુપ્રીમ કોર્ટે ટાંકેલ હતું!

સુરત - સુનીલ બર્મન

### શિક્ષણ ક્ષેત્રે અનોખી પહલ

આચાર્ય દેવો ભવ. આ એટલા માટે લખ્યુ કે વ્યક્તિ પર જો કોઇ નુ ઋણ હોય તો માતા પછી તરત આવે છે ગુરુ (શિક્ષક). શનિવાર ને 21 ફેબ્રુઆરી ના આ જ વિષય પરના ભાઈશ્રી મયંકભાઇ ના "પત્ર" અનુસંધાને લખવા માટે ન તો મારી પાસે કોઇ આંકડાકીય માહિતિ છે કે રુચિ. પરંતુ લખવાનું એટલા માટે કે મોટા મોટા માન સન્માન કરતા આવા બે શબ્દ વ્યક્તિને એક નવી પ્રેરણા આપતા હોય છે. તેમને એક સંતોષ થતો હોય છે કે મને જોનારૂ કોઇક તો છે. ડીઇઓ માનનીય શ્રી ભગીરથસિંહ સાથે પુસ્તક મેળા માં મળવાનુ થયુ ત્યારે ખબર નો'તી કે આ મેં મારા ઝોળા પુસ્તકાલય વિશે કહેવાનુ શરૂ કર્યુ. ઓફીસ કરતા પણ, પરિવાર સાથે કોઈ હોય અને એમા પણ બાળકો પણ, આવા સમયે વ્યક્તિ ધારે તો પણ અન્યો સાથે વધારે વાત નથી કરી શકતી. પણ તેઓ એ વ્યવસ્થિત રીતે કહ્યુ કે અન્ય શાળામાં આવુ કરવુ હોય તો જણાવજો. ભાઈશ્રી મયંકભાઇ એ લખ્યુ છે તેમ, માનનિય ડીઇઓ સાહેબ તો બાહોશ, દીર્ઘદ્રષ્ટિવાળા અને મદદ માટે સદૈવ તત્પર રહેનાર હશે પરંતુ એ "ઝોળા પુસ્તકાલય" નુ "ભગીર" કાર્ય ત્યારે જ આગળ વધે, જ્યારે વાચક મિત્ર સ્વયં પોતે જ આગળ આવે. આપણી વીલીંગનેસ, (જો હોય તો), મા. ડીઇઓ સાહેબ લગી પહોંચાડવી અઘરુ કામ નથી. ધ્યાન માં રહે વિધ્યાદાન એ મહાદાન છે, ભલે પછી પ્રત્યક્ષ હોય કે પરોક્ષ. અસ્તુ.

સુરત - ચેતન સુશીલ જોષી

### યુદ્ધ કોઈપણ દેશના હિતમાં નથી

હાલમાં ઈરાન, ઈરાક અને અમેરિકા વિરુદ્ધ યુદ્ધ ચાલી રહ્યુ છે ત્યારે ભૂતકાળનો યુદ્ધ નો ઈતિહાસ જાણતા ખબર પડે કે કોઈપણ યુદ્ધ દેશના હિતમાં નથી. યુદ્ધ ના કારણે અર્થતંત્ર પર મોટી અસર થાય છે. જેમ કે આવશ્યક ચીજ વસ્તુઓ મોંઘી થાય. માનવ ખુવારી મોટા પાયે થાય છે. તાજેતરના હુમલામાં દુનિયાની સૌથી મોટી તેલ રિફાઈનરી અને ગેસ પ્લાન્ટ ભોગ બન્યા, જેના કારણે અન્ય દેશોમાં પુરો પાડવામાં આવતા તેલના ભાવમાં વધારો જોવા મળશે. સોના ચાંદી ના ભાવમાં વધારો જોવા મળશે. યુદ્ધ ના કારણે જે વસ્તુઓ ખુવારીનો ભોગ બનશે તેને ફરી કાર્યરત થતા વરસોનાં વર્ષ પસાર થઈ જશે, મોઘવારી, બેકારી વધશે. બે દેશો વચ્ચે નુ યુદ્ધ હોઈ કે વિશ્વ યુદ્ધ હોઈ , કોઈના હિતમાં નથી, યુદ્ધ નો શાંતિ પુર્ણ ઉકેલ લાવવો જોઈએ. યુદ્ધ ના કારણે અર્થતંત્ર ને ફરી બેઠું થતા વર્ષો ના વર્ષ પસાર થઈ જશે.

સુરત - ચંદ્રકાંત રાણા